સ્મૃતિપત્ર-૧

ક્રમાંક : જીસીવીટી/સીટીએસ/ટી-૨/૨૦૨૦/ ૧૭૮૨
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
બ્લોક નંબર : ૧ , બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
તારીખ : ૨૩ /૦૭/૨૦૨૦.

પ્રતિ
આચાર્યશ્રી
તમામ સરકારી આઇ.ટી.આઇ./ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ./સરકારી ટેકનીકલ હાઇસ્કુલ/ સ્વનિર્ભર સંસ્થા.

વિષય : **MIS PORTAL પર પ્રેકટીકલ પરીક્ષકની એન્ટ્રી બાબત.**
સંદર્ભ : (૧) ડી.જી.ટી. નવી દિલ્હીના તા. ૧૧/૦૬/૨૦૨૦ના ઇ-મેઇલ.
(૨) અત્રેની કચેરીના તા.૧૫.૦૬.૨૦૨૦ ના પત્ર ક્રમાંક: જીસીવીટી/સીટીએસ/ટી-૨/ ૧૩૯૫

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ડી.જી.ટી. નવી દિલ્હીના સંદર્ભ-૧ ના ઇ-મેઇલથી **MIS PORTAL પર પ્રેકટીકલ પરીક્ષકની એન્ટ્રી માટેનું યુઝર મેન્યુઅલ મોકલી આપવામાં આવેલ હતુ જે અત્રેના કચેરીના સંદર્ભ-૦૨ ના પત્રની સાથે મોકલી જે અન્વયે નીચે મુજબ કાર્યવાહી કરવા આપને** વિનંતી કરવામાં આવેલ હતી.

(૧) આપના જીલ્લાના, પ્રેકટીકલ પરીક્ષક તરીકે ફરજ બજાવવા ઇચ્છુક ઉમેદવારોને NCVT MIS PORTAL પર તેઓના બાયોડેટા UPLOAD કરવા માટે માહિતગાર/પ્રોત્સાહિત કરવાના રહેશે. આ બાબતે જીલ્લાકક્ષાએ યોગ્ય પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

(૨) આપની સંસ્થા ખાતે જો પરીક્ષકશ્રીના બાયોડેટા ઉપલબ્ધ હોય તો, તેઓનો સંપર્ક કરી MIS PORTAL પર તેઓના બાયોડેટા UPLOAD કરવા માટે વિનંતી કરવાની રહેશે.

(3) પરીક્ષક તરીકે ઇચ્છુક ઉમેદવારોના બાયોડેટા UPLOAD માટે મેન્યુઅલમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

**Portal પર ચકાસણી કરતા ધ્યાને આવેલ છે કે, ઘણી સંસ્થાઓ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી અથવા નહીવત પ્રમાણમાં જ એન્ટ્રી થયેલ છે. ડી.જી.ટી. નવી દિલ્હીની સુચના અનુસાર આગામી પરીક્ષાથી પરીક્ષકની નિંમણુક PORTAL બેઇઝ જ કરવાની રહેતી હોવાથી પોર્ટલ ઉપર વધુમાં વધુ ઉમેદવારો નોંધણી કરે, તે માટેની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.**

**આ કામગીરીને ટોચઅગ્રતા આપી કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે.**

( કે.બી.પટેલ )
નાયબ નિયંત્રક ( પરીક્ષા )
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

નકલ સાદર રવાના :
નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશીક કચેરી, અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.